# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૩/૧૯-૨૦/૮૪૩૯–૩** **તા.૨૬–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૧/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **બાવળિયા મુકેશભાઈ વલ્લભભાઈ** ગામ: **જેતપુર**
રજૂઆત કરનાર: **અરજદાર બાવળિયા મુકેશભાઈ વલ્લભભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જેતપુર**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **બી.કે.દવે** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જેતપુર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર બાવળિયા મુકેશભાઈ વલ્લભભાઈ ગામ -જેતપુર, તેઓની અરજીના નોંધણી નં: ૨૧/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર ગ્રાહક નં. – ૩૩૨૦૪/૦૩૬૬૩/૪ થી વીજજોડાણ ધરાવે છે, જેમા સરકાર શ્રી ની ઉજાલા બલ્બ યોજના અન્વયે તા.૩૦–૦૩–૧૭ ના રોજ રોકડા રૂ.૩૨૫/– થી ૦૫ એલઈડી બલ્બ ખરીદ કરેલ છે. તેમ છતા વીજબીલ માં કુલ રૂ.૮૬૬.૭૨ વસુલેલ છે. જે જમા આપવા **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વીજ જોડાણ ધારક– વલ્લભ પેથાભાઈ બાવળીયા ગ્રા. ન.– ૩૩૨૦૪/૦૩૬૬૩/૪ કરારીત વીજભાર – 0.5 કી.વો. ગામ- જેતપુર. કનેક્શન તારીખ - ૧૪/૦૮/૧૯૯૧ પેટા વિભાગીય કચેરી - જેતપુર શહેર હેઠળ ફરિયાદી નાં પિતા નું ઉપરોક્ત દર્શાવેલ વિગત નું વીજ જોડાણ ચાલુ છે. ફરિયાદી ની રજૂઆત છે કે તેઓએ ઉપરોક્ત ઘરવપરાશ નાં વીજ જોડાણ નાં બિલ પર ઉજાલા એપ્લાયન્સીસ ૫ (પાંચ) એલઇડી બલ્બ તા. ૩૦/૦૩/૨૦૧૭ નાં રોજ રોકડ રૂ. ૩૨૫.૦૦ (ત્રણસો પચ્ચીસ પૂરા) આપીને ખરીદ્યા હતા. તેમ છતાં પાંચ બિલ માં કુલ રૂપિયા ૮૬૬.૭૨ ઉધાર કરેલ છે,

3.૧ ઉપરોક્ત ફરિયાદ બાબતે જણાવવાનું કે ફરિયાદી અરજદારે તા. 30.03.2017 નાં રોજ ઉપરોક્ત વીજ જોડાણ નાં બિલ પર 5 (પાંચ) એલઇડી બલ્બ રોકડ રકમ 325.00 ચૂકવી ખરીદ્યા. સદર વીજ જોડાણ નું લેજર ચકાસતાં નીચે મુજબ ઇએમઆઈ નાં હપ્તા ઉધાર થયેલ છે.

| બિલિંગ સમયગાળો | ઇએમઆઈ ની રકમ |
|---|---|
| ઓગષ્ટ-સપ્ટેમ્બર બિલ્ડ ઇન ઓક્ટોબર-18 | 140 |
| ઓક્ટોબર-નવેમ્બર બિલ્ડ ઇન ડિસેમ્બર-18 | 140 |
| ડિસેમ્બર-જાન્યુઆરી બિલ્ડ ઇન ફેબ્રુઆરી-19 | 216.68 |
| ફેબ્રુઆરી-માર્ચ બિલ્ડ ઇન એપ્રિલ-19 | 216.68 |
| એપ્રિલ-મે બિલ્ડ ઇન જૂન-19 | 146.68 |
| કુલ | 860.04 |

ઓગષ્ટ-સપ્ટેમ્બર બિલ્ડ ઇન ઓક્ટોબર-18 તેમજ ઓક્ટોબર-નવેમ્બર બિલ્ડ ઇન ડિસેમ્બર-18 માં એલઇડી બલ્બ ની ઇએમઆઈ ની રકમ ઉધાર થયેલ છે. ઉપરાંત ગ્રાહકે એલઇડી ટ્યુબ લાઇટ ખરીદેલ ન હોવા છતાં ટ્યુબ ની ઇએમઆઈ ની રકમ પણ ડિસેમ્બર-જાન્યુઆરી બિલ્ડ ઇન ફેબ્રુઆરી-19 ફેબ્રુઆરી-માર્ચ બિલ્ડ ઇન એપ્રિલ-19 એપ્રિલ-મે બિલ્ડ ઇન જૂન-19 માં ઉધાર થયેલ છે.

3.૨ ઉજાલા એપ્લાયન્સીસ વિતરણ કંપની EESL દ્વારા ગ્રાહક તકરાર નિવારણ અંગે ની જે પ્રોસેસ રજૂ કરવામાં આવેલ છે તે મુજબ ઉપરોક્ત ગ્રાહક ની EESL દ્વારા આપવામાં આવેલ નિયત નમૂના મુજબ ની અરજી જરૂરી દસ્તાવેજી પૂરાવાની નકલ સાથે જેતપુર શહેર પેટા વિભાગીય કચેરી ને તા.31.07.2019 નાં રોજ મળેલ. ગ્રાહક ની અરજી નાં આધારે પેટા વિભાગીય કચેરી દ્વારા એલ.ટી. બિલિંગ માં જરૂરી પ્રોસેસ કરી ફરિયાદ રજિસ્ટર્ડ કરેલ છે જેનાં એલઇડી બલ્બ નાં આઈ.ડી. નં. 16315/ 31.07.19 તેમજ એલઇડી ટ્યુબ લાઇટ નાં આઈડી નં. 16522/06.08.19 છે. ફરિયાદ એલ.ટી. બિલિંગ માં રજિસ્ટર્ડ થયેલ, હંગામી ધોરણે ઉજાલા ઇએમઆઈ બિલ માં ડેબિટ થવાના બંધ કરવામાં આવેલ છે. તેમજ ફરિયાદી અરજદાર ની નિયત ફોર્મ માં અરજી સંબંધિત દસ્તાવેજી પુરાવા ની નકલ સાથે સર્કલ ઓફિસ મારફત કોર્પોરેટ ઓફિસ D.S.M. વિભાગ ને જરૂરી નિરાકરણ અર્થે મોકલી આપવા અત્રે ની વિભાગીય કચેરી દ્વારા તા. ૦૫-૧૨-૧૯ થી વર્તુળ કચેરી ને મોકલવામાં આવેલ છે. જેમાં જો EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઇએમઆઈ ની રિકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવશે તેમજ ગ્રાહક નાં ખાતા માં રહેલી ઉજાલા ઇએમઆઈ પેટે ની બાકી રકમ સિસ્ટમ લેવલે એડજસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવશે. હાલ, ગ્રાહક ની અરજી વડી કચેરી ને ફરિયાદ નિરાકરણ અર્થે મોક્લાવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર ના પિતાશ્રી વલ્લભ પેથાભાઈ બાવળીયા ના નામે ગામ- જેતપુર ખાતે ગ્રા. ન.– ૩૩૨૦૪/૦૩૬૬૩/૪ (કરારીત વીજભાર – 0.5 કી.વો. ) તારીખ - ૧૪/૦૮/૧૯૯૧ થી પેટા વિભાગીય કચેરી - જેતપુર શહેર હેઠળ વીજ જોડાણ ધરાવે છે

૪.૨ ફરીયાદી અરજદાર દ્રારા સરકાર શ્રી ની ઉજાલા બલ્બ યોજના અન્વયે તા.૩૦–૦૩–૧૭ ના રોજ રોકડા રૂ.૩૨૫/– થી ૦૫ એલઈડી બલ્બ ખરીદ કરેલ છે. તેમ છતા વીજબીલ માં કુલ રૂ.૮૬૬.૭૨ વસુલેલ છે – જેની ફરીયાદ પેટા વિભાગીય કચેરીમાં કરેલ પરંતુ સદર રકમ જમા ન મળતા – અરજદારે અત્રેના ફોરમ **સમક્ષ** રજુઆત કરેલ છે.

૪.૩ ઉપરોકત બાબતે મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્રારા સદર ગ્રાહક ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે ઓકટોબર–૧૮ થી માહે જુન–૧૯ સુધીના વીજબીલમાં ઉજાલા એલ.ઈ.ડી. હેઠળ કુલ રૂ.૮૬૦/૦૪ વસુલવા માટે આકારણી કરેલ છે. સદર બાબતે અરજદાર દ્રારા તેઓએ ઉજાલા એલ.ઈ.ડી. બલ્બ ની ખરીદીનો કેશમેમો તા.૩૦–૦૩–૧૭ મુજબ – ગ્રાહક નં. – ૩૩૨૦૪/૦૩૬૬૩/૪ ખાતે ૦૫ એલ.ઈ.ડી. બલ્બ જેની કુલ કિમત રૂ.૩૨૫/– જે રોકડેથી ખરીદ કરેલ છે. જેની અસલ રસીદ અરજદાર દ્રારા ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર દ્રારા – સદર ફરીયાદી અરજદાર દ્રારા ની EESL માથી એલ.ઈ.ડી. બલ્બ EMI દ્રારા ખરીદ કરેલ હોય – તેવા કોઈ આધાર–પુરાવા રજુ કરેલ નથી. જેથી, પીજીવીસીએલ પક્ષકાર દ્રારા સદર ફરીયાદી ગ્રાહક ના વીજબીલમાં વસુલેલ ઉજાલા એલ.ઈ.ડી. બલ્બ ની રકમ નિયમાધીન વીજબીલમાં જમા આપવા પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯